માનસી પાર્ટીઓમાં ડ્રગ્સ પહોંચાડતી હતી

રાજસ્થાન-હરિયાણા સુધી સપ્લાયરો સાથે સંપર્કના પુરાવા મળ્યા

ઓરિજિનલ મોબાઇલ ઘરે મૂકી 'ધંધા' માટે અલગ ફોન લઈને નીકળી હતી, પતિ બહેરીનમાં નોકરી કરે છે

પકડાઈ ન જાય એટલે ઓરિજિનલ મોબાઇલ ઘરે મૂકી દીધો

ડ્રગ્સ લેવા મુંબઈથી નીકળતી વખતે માનસીએ પોતાની ઓળખ છુપાવવા માટે પણ સાવચેતી રાખી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. કોઈ ચેકિંગ દરમિયાન પરિવાર સાથે મુસાફરી કરતી મહિલા હોવાનું જણાય અને શંકા ન જાય એ માટે સોહેલના પિતાને પણ સાથે લઈ જવાનો નિર્ણય કર્યો હતો. ડ્રગ્સના જથ્થા સાથે નીકળતી વખતે તેણે પોતાનો ઓરિજિનલ મોબાઇલ ફોન ઘરે જ મૂકી દીધો હતો અને 'ધંધા' માટે અલગ મોબાઇલ ફોન સાથે રાખ્યો હતો. પોલીસને મળેલા આ મોબાઇલની તપાસ કરતાં વોટ્સએપ ચેટિંગ મળી આવ્યું છે, જેમાં રાજસ્થાન અને હરિયાણાના કથિત સપ્લાયરો સાથે થયેલી વાતચીતના પુરાવા મળ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

હવે રાજસ્થાન-હરિયાણામાં તપાસનો ધમધમાટ

મોબાઇલમાંથી મળેલા ચેટિંગ અને અન્ય વિગતોના આધારે ક્રાઈમ બ્રાન્ચ હવે રાજસ્થાન અને હરિયાણામાં ડ્રગ્સના સપ્લાયરો સુધી પહોંચવા તપાસ આગળ ધપાવશે. આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને ડ્રગ્સનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવતો હતો તે અંગે પણ તપાસ ચાલી રહી છે. વધુ તપાસમાં માનસીનો પતિ બહેરીનમાં નોકરી કરતો હોવાનું પણ જાણવા મળ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ પોતાના ડ્રગ્સના સેવન ઉપરાંત મોજશોખ, પાર્ટીઓ અને લાઇફસ્ટાઇલના ખર્ચ પૂરા કરવા માટે તે ડ્રગ્સના ગેરકાયદે વેપારમાં સંડોવાઈ હોવાની દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

સુરતઃ સુરત ક્રાઈમ બ્રાન્ચે પલસાણા નજીકથી ૯૭૭.૯૧ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ સાથે ઝડપાયેલી મહિલા સહિત બે આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મેળવી પૂછપરછ કરતાં ડ્રગ્સના નેટવર્કને લઈને ચોંકાવનારી વિગતો સામે આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, સ્ટેજ શો માટે રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હી સહિતનાં રાજ્યોમાં જતી માનસી અબ્દુલ સૈયદ કથિત રીતે પોતાના સેવન ઉપરાંત અન્ય ડ્રગ્સના વ્યસનીઓને પણ ડ્રગ્સ પહોંચાડતી હતી. મોબાઈલ તપાસ દરમિયાન રાજસ્થાન અને હરિયાણાના સપ્લાયરો સાથેની ચેટ મળી આવતાં તપાસનો રેલો હવે આ રાજ્યો સુધી પહોંચે તેવી શક્યતા છે.

મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, માનસી અબ્દુલ સૈયદ અર્ટિગા કારમાં અમદાવાદ તરફથી મેફેડ્રોનનો જથ્થો લઈને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે મારફતે મુંબઈ જવાની છે. બાતમીના આધારે સુરત ગ્રામ્ય SOGને સાથે રાખી પલસાણાના એના ગામ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. કારને આંતરી તપાસ કરતાં તેમાંથી ૯૭૭.૯૧ ગ્રામ MD ડ્રગ્સ મળી આવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચે રૂ.૨૯.૩૨ લાખની કિંમતના મેફેડ્રોન ઉપરાંત બે મોબાઈલ ફોન, રોકડ સહિત કુલ રૂ.૨૯.૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી માનસી અબ્દુલ સૈયદ (ઉં.વ.૪૧) (મૂળ-નાંદેડ સિટી, પુણે, હાલ કલીના, સાંતાક્રુઝ ઈસ્ટ, મુંબઈ) તથા તેની ઘરની બાજુમાં રહેતા સોહેલ સુલેમાન શેખ (ઉં.વ.૨૦)ની ધરપકડ કરી હતી. આ અંગે પલસાણા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બંને આરોપીના પાંચ દિવસના રિમાન્ડ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે સઘન પૂછપરછ હાથ ધરી હતી. તપાસમાં સામે આવ્યું કે, માનસી સ્ટેજ શો માટે રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હી સહિતનાં રાજ્યોમાં આવનજાવન કરતી હતી. આ દરમિયાન તેણે કથિત રીતે ડ્રગ્સનું નેટવર્ક પણ ઊભું કર્યું હતું. સ્ટેજ શો દરમિયાન પોતાના સેવન માટે ડ્રગ્સ લઈ જવાની સાથે અન્ય સાથી વ્યસનીઓને પણ ડ્રગ્સ આપતી હોવાની વિગતો પૂછપરછમાં સામે આવી છે. એટલું જ નહીં, જે રાજ્યોમાં તે કાર્યક્રમો માટે જતી ત્યાંથી પણ ડ્રગ્સનો જથ્થો મેળવી પરત લાવતી હોવાની માહિતી પોલીસને મળી છે.

સરકારી અનાજ સગેવગે થતું હોવાના 'ગુજરાતમિત્ર'ના અહેવાલોને પગલે

સરકારી અનાજના 'કે-40'ના સંચાલક સહિત ત્રણ સામે ફરિયાદ

સિંગણપોર-ડભોલીમાં ટેમ્પો અને દુકાનના ઓટલેથી 2.35 લાખના ઘઉં જપ્ત કરાયા હતા

'ગુજરાતમિત્ર'નો અહેવાલ

કતારગામ સરકારી અનાજ કૌભાંડનો છેડો વરાછા નવાગામ ગોડાઉન સુધી

આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન

જિલ્લા પુરવઠા અધિકારીની મંજૂરી બાદ મામલતદાર કતારગામ દ્વારા છ મહિના બાદ ફરિયાદ નોંધાવવા અધિકૃત કરવામાં આવતા ઝોનલ ઓફિસર કાંતિલાલ વસાવાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ગુજરાતમિત્ર પડઘો

સુરત : 'ગુજરાત મિત્ર' દ્વારા શહેરમાં સરકારી અનાજના લાભાર્થીઓને પૂરતો જથ્થો ન આપી કટકી કરી બારોબાર અનાજ સગેવગે કરાતું હોવાના અને આ કૌભાંડના છેડા વરાછા ગોડાઉન સુધી હોવાના પ્રસિદ્ધ કરેલા અહેવાલોને પગલે છ મહિના બાદ દુકાનના સંચાલકો, તોલાટ સહિત ત્રણ સામે સિંગણપોર પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, પુરવઠા વિભાગના અધિકારીઓને ગત તા.12 ફેબ્રુઆરી, 2026ના રોજ રેડિયન્ટ પી.પી. સવાણી સ્કૂલ નજીકના ખાનગી બસ પાર્કિંગમાંથી બિનવારસી આઇસર ટેમ્પો નં. GJ-19-Y-1721માંથી 50 કિલોના 126 કટ્ટા મળ્યા હતા. બાદમાં હરિદર્શનના ખાડા પાસે સાંસ્કૃત એપાર્ટમેન્ટની દુકાન નં. 5 અને 8ના ઓટલા પરથી પણ 50 કિલોના 42 કટ્ટા ઘઉં મળી આવ્યા હતા. તપાસ કરવામાં આવતાં હરિદર્શનના ખાડા વિસ્તારમાં આવેલી સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાન નં. K-40ની સંચાલક હેમલતાબેન અમૃતભાઈ પટેલ અને તોલાટ હિમાંશુ લિંબાચીયા દ્વારા ઓળખીતા કૈલાસ ખટીકની મદદથી ટેમ્પો ડ્રાઇવર મંજેરામ રાજેન્દ્રરામ યાદવ પાસે સરકારી અનાજના ૧૨૬ કટ્ટા ટેમ્પોમાં ભરાવ્યા હતા. જોકે, અધિકારીઓ સ્થળ પર પહોંચે તે પહેલાં આરોપીઓ ટેમ્પો મૂકીને ફરાર થઈ ગયા હતા.

બિલ્ડિંગ કૂદવામાં લોખંડનો સળિયો ગરદનથી ઘૂસી મોઢામાંથી નીકળ્યો !

ઉન ખાતેની મદ્રેસામાં ભણતા 13 વર્ષના નાઝીસે મસ્જિદના ત્રીજા માળેથી બાજુની બિલ્ડિંગના ત્રીજા માળે જવા કૂદકો માર્યો હતો

પગ લપસી જતાં નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાયો અને લોખંડનો સળિયો ઘૂસી ગયો

સુરતઃ ઉન પાટીયા વિસ્તારમાં મદ્રેસામાં ભણતો 13 વર્ષનો કિશોર મદ્રેસાના ત્રીજા માળેથી બાજુની બિલ્ડિંગના ત્રીજા માળે કૂદવા જતાં નીચે પટકાતાં લોખંડનો સળિયો તેની ગરદનમાં ઘૂસીને મોઢામાંથી આરપાસ નીકળ્યો હતો.

મળતી માહિતી મુજબ, બિહાર ખાતે નસીમ જાટ પરિવાર સાથે રહી મજૂરી કામ કરે છે. તેમનો 13 વર્ષીય પુત્ર નાઝીસ છેલ્લા એક વર્ષથી ઉન પાટિયા ખાતે આવેલા તિરુપતિનગરના દારૂલ ઉલૂ મેહમુદિયા મદ્રેસામાં અભ્યાસ કરે છે. મંગળવારે સાંજે આશરે છ વાગ્યાના અરસામાં મદ્રેસા છૂટ્યા બાદ નાઝીસ મસ્જિદના ત્રીજા માળે પહોંચી ગયો હતો. ત્યાંથી બાજુમાં નવી બની રહેલી બિલ્ડિંગના ત્રીજા માળે કૂદવાનો પ્રયાસ કરતાં તેનો પગ લપસી ગયો હતો અને તે નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાયો હતો. નીચે પિલરના કામ માટે ઊભા રાખવામાં આવેલા લોખંડના સળિયા પર પડતાં અઢી ફૂટ જેટલો સળિયો તેની ગરદનના ભાગેથી અંદર ઘૂસી મોઢામાંથી બહાર નીકળી ગયો હતો. બાળકને વધુ ઈજા ન થાય તે માટે સળિયાને કાપી અલગ કરવામાં આવ્યો હતો નાઝીસની તબિયત અત્યંત નાજુક છે.

ફિશ માર્કેટના નામે વિવાદમાં મોદીના નામના બોર્ડ પર સફેદ કવર લગાવાયું

એસોસિએશન પ્રમુખે સ્ટેન્ડિંગ ચેરમેનને પત્ર લખી સત્તાવાર નામકરણનો ઠરાવ કરવાની માંગ કરી

સુરતઃ નાનપુરા-લક્કડકોટ ખાતે સુરત મહાનગરપાલિકાના આશરે રૂ.3.90 કરોડના ખર્ચે તૈયાર થયેલી હોલસેલ ફિશ માર્કેટના મુખ્ય ગેટ પર સત્તાવાર મંજૂરી વિના જ 'શ્રી નરેન્દ્ર મોદી હોલસેલ ફિશ માર્કેટ'નું બોર્ડ લગાવવાને કારણે શરૂ થયેલા વિવાદમાં તંત્રનું દબાણ વધતાં હવે આ બોર્ડ પર સફેદ કવર લગાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ ઢાંકી દેવામાં આવ્યું છે. બોર્ડ લગાવવાના મુદ્દે સ્થાનિક કહાર-માછી સમાજના કેટલાક આગેવાનો તેમજ વિપક્ષે પણ વિરોધ નોંધાવ્યો હતો. બીજી તરફ ફિશ માર્કેટ એસોસિએશનના પ્રમુખ કલ્પેશ નવસારીવાલાએ હવે વિવાદનો કાયદેસર ઉકેલ લાવવા પ્રયાસ શરૂ કર્યો છે. તેમણે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને લેખિત રજૂઆત કરી માર્કેટનું નામ 'શ્રી નરેન્દ્ર મોદી હોલસેલ ફિશ માર્કેટ' રાખવા સત્તાવાર ઠરાવ પસાર કરવાની માગ કરી છે.

માવા બાદ હવે સુરતની જાણીતી મીઠાઈની દુકાનોમાં તપાસ કરાઈ

24 કેરેટથી સુમુલ-ચોર્યાસી ડેરી સુધી તપાસનો ધમધમાટ, 10 ટીમે શહેરભરમાંથી સેમ્પલ લીધા હવે તપાસ થશે

સુરતઃ રક્ષાબંધનના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગઈકાલે માવાના હોલસેલ વિક્રેતાઓ સામે તપાસ કર્યા બાદ આજે શહેરભરમાં મીઠાઈનું વેચાણ કરતાં એકમો સામે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

મનપાની 10 જેટલી ટીમોએ સેન્ટ્રલ, અઠવા, કતારગામ, વરાછા અને રાંદેર સહિતના ઝોનમાં વહેલી સવારથી તપાસ શરૂ કરી હતી.

આરોગ્ય વિભાગની ટીમોએ વિવિધ મીઠાઈ વિક્રેતાઓ અને ડેરી એકમોમાંથી મીઠાઈ તથા અન્ય ખાદ્ય પદાર્થોના નમૂના એકત્ર કર્યા હતા. બપોર સુધીમાં આઠથી વધુ એકમોમાંથી સેમ્પલ લેવામાં આવ્યા હતા. તમામ નમૂનાઓ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહે તેવી શક્યતા છે. જેમાં અન્યો પણ વરૂણીમાં આવશે.

કઈ કઈ જાણીતી દુકાનમાંથી સેમ્પલ લેવાયા?

◆ રાંદેર ઝોનઃ 24 કેરેટ, બાબુભાઈ, મોહન મીઠાઈ, મોતી હરજી, ઠાકોરની મીઠાઈ ◆ અઠવા/ ઘોડદોડ રોડઃ શિવશક્તિ ◆ રાંદેરઃ વિજય ડેરી ◆ ડેરી એકમોઃ સુમુલ ડેરી અને ચોર્યાસી ડેરી

આજે ઈદ-એ-મિલાદઃ સુરતમાં મુસ્લિમોનું જુલૂસ નીકળશે

બુધવારે સાંજે 4 કલાકે જુલૂસનો પ્રારંભ થશે, તમામ જુલૂસ ઝાંપાબજાર ખાતે ભેગા થશે

ઝાંપાબજારથી જુલુસ લાલગેટ અને કમાલગલીથી ખ્વાજાદાના દરગાહ ખાતે પહોંચશે

સુરતઃ હઝરત મુહમ્મદ પયગમ્બરનાજન્મદિન (ઈદ-એ-મિલાદુન્નબી) નિમિત્તે આવતીકાલે પરંપરાગત જુલૂસનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે તા. ૨૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુરત શહેર સિરતુન્નબી કમિટિના નેજા હેઠળ વિશાળ મુખ્ય જુલૂસ કાઢવામાં આવશે.

જેમાં બડેખા ચકલા, રાંદેર, માનદરવાજા, સલાબતપુરા, સૈયદપુરા, રામપુરા, ગોપીપુરા, શાહપોર, નાનપુરા, બેગમપુરા અને ઉન સહિતના વિસ્તારોમાંથી નાના જુલૂસો ડી.કે.એમ. હોસ્પિટલની ગલી અને મુલ્લાજી દેવળી થઈને ઝાંપાબજાર ખાતે ભેગા થશે. ઝાંપાબજારથી શરૂ થઈને ટાવર, ભાગળ રાજમાર્ગ, લીમડાચોક, લાલગેટ, ભાગાતળાવ અને કમાલ ગલી થઈ હજરત ખ્વાજાદાના સાહેબની દરગાહ ખાતે પહોંચી સંપન્ન થશે. અન્ય પરંપરાગત જુલૂસ હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના (રઅ)ની દરગાહથી શરૂ થઈ નવસારી બજાર, ડી.કે. એમ., ભાગળ, લાલગેટ અને ચોકબજાર થઈ પુનઃ દરગાહ ખાતે પૂર્ણ થશે.

ઉધનામાં 15 વર્ષ જૂનાં 7 વૃક્ષ કપાતાં પર્યાવરણ પ્રેમીઓમાં કચવાટ

ઉધના વિસ્તારમાં જોગાણી માતાના મંદિરથી નવજીવન શો રૂમ તરફ જતા જાહેર માર્ગ પર સાત ઘટાદાર વૃક્ષો કાપી નાંખવામાં આવ્યા હોવાનો વિડીયો વાયરલ થતાં પર્યાવરણ પ્રેમીઓમાં કચવાટ ફેલાયો હતો. જોકે, આ બાબતે મનપાના ગાર્ડન વિભાગને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, ખાનગી મિલકતોને નડતરરૂપ વૃક્ષો કાપવા માટે જરૂરી ચાર્જ ભરીને મંજૂરી આપવામાં આવે છે અને જે વૃક્ષો કપાયા હોય તેની સામે દસ ગણા નવાં વૃક્ષો વાવવાના હોય છે. આ કિસ્સામાં મિલકતદારોએ મનપાની જરૂરી મંજૂરી લીધા બાદ વૃક્ષો કાપ્યાં છે. જેના બદલામાં અન્ય જગ્યાએ વૃક્ષો વાવવામાં આવશે. મળતી વિગતો મુજબ ઉધના ઝોનમાં આ વૃક્ષો કપાયાની જાણ થતાં વિવાદ થયો હતો તેમજ વૃક્ષો કાપવા માટે મંજૂરી લેવાઇ છે કે બારોબાર વૃક્ષો કાપી નંખાયાં તેવા સવાલો ઊભા થયા હતા.

---

૧૦ કાપડ વેપારીઓ સાથે રૂપિયા ૪૦.૦૫ લાખની છેતરપિંડી કરાઈ

પુણેના વેપારીએ દલાલ મારફતે સાડીઓ ખરીદી પેમેન્ટ ચૂકવ્યું નહીં

GST નંબર તપાસતા અન્ય મહિલાના નામે બોગસ હોવાનો ઘટસ્ફોટ

સુરત : રીંગરોડ વિસ્તારમાં કાપડ દલાલીની એજન્સી ધરાવતા વેપારી મારફતે પુણેના ખરીદદારે સુરતના અલગ-અલગ ૧૦ કાપડ વેપારીઓ પાસેથી કુલ રૂપિયા ૪૦,૦૫,૫૬૯ ની કિંમતનો સાડીનો માલસામાન મેળવ્યા બાદ પેમેન્ટ ન ચૂકવી ઠગાઈ આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

રાંદેર રોડ ખાતે રહેતા અને એસ.ટી.એમ. માર્કેટમાં 'ફીનિક્સ ટ્રેડ' નામે કાપડ દલાલીની એજન્સી ચલાવતા રાજેશભાઈ કાંતિલાલ મહેતા (ઉ.વ. ૭૨) જૂન-૨૦૨૪માં એક વેપારી મારફતે પુણેના 'મુલચંદ તારાચંદ મીલ ડીપો'ના કર્તા મેઘરાજ તીવારીના સંપર્કમાં આવ્યા હતા. મેઘરાજે શરૂઆતમાં થોડું પેમેન્ટ ચૂકવી વિશ્વાસ સંપાદન કર્યા બાદ, ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મિલેનિયમ માર્કેટ-૧ની 'નાકોડા હાઉસ' પેઢીમાંથી રૂપિયા ૯,૪૪,૫૫૬ નો સાડીનો જથ્થો ટ્રાન્સપોર્ટ મારફતે મેળવ્યો હતો. ત્યારબાદ પેમેન્ટની મુદત પૂરી થવા છતાં નાણાં ન ચૂકવી વધુ માલ આપવાની માંગણી કરી હતી. દલાલ રાજેશભાઈ મારફતે અન્ય ૯ વેપારીઓ શ્રી ગણપતિ ટેક્ષટાઈલ્સ, કે.ટી ફેશન, શ્રી વિઠ્ઠલેશ સીલર્સ, એની સાડીઝ, રૂદ્રાણી સારીઝ, ક્રીષ્ના ડીઝાઈનર, પીપલ પટ્ટી ફેશન, વંશીકા ક્રીએશન અને ગંગા સાગર સીલ્ક મીલ પાસેથી પણ રૂપિયા ૩૦,૬૧,૦૧૩ નો માલ મેળવાયો હતો. વારંવારની ઉઘરાણી છતાં પેમેન્ટ ન મળતા અને તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, મેઘરાજ તીવારી વેપારીઓ પાસેથી માલ મેળવી પેમેન્ટ ચૂકવતો ન હતો અને નુકસાની વાળો જૂનો માલ પરત પધરાવી છેતરપિંડી આચરતો હતો. વધુમાં, દલાલે આરોપીની પેઢીનો GST નંબર (27BYCPJ9944F1Z5) ચેક કરતા તે સાધના શ્રીગોપાલ જોષી (રહે. કોધવા, પુણે) ના નામે નોંધાયેલો હોવાનું બહાર આવ્યું હતું. સલાબતપુરા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી ધરી છે.

'મીટિંગમાં છું, ૪૦ લાખ ટ્રાન્સફર કર' ફેક વોટ્સએપ મેસેજથી મોટો ફ્રોડ

વોટ્સએપ હેક કરીને માલિકના નામે એકાઉન્ટન્ટ પાસેથી 40 લાખ પડાવાયા

અઠવાલાઈન્સના ઉદ્યોગપતિને વાયરસયુક્ત ZIP ફાઇલ મોકલ્યા બાદ બોગસ એકાઉન્ટ બનાવી દીધું

ડીપીમાં ફોટો મૂકી સાયબર ઠગોએ રૂપિયા ટ્રાન્સફર કરવાનો મેસેજ કરી રકમ પડાવી

સુરતઃ અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેતા અને સચિન GIDC ખાતે કાપડનું કારખાનું ધરાવતા જાણીતા ઉદ્યોગપતિને નિશાન બનાવી સાયબર ઠગોએ રૂ.૪૦ લાખની માતબર રકમ ચાઉં કરી જવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

અઠવાલાઈન્સના લાલ બંગલો નજીક પ્લેટીનમ રેસિડેન્સીમાં રહેતા અને સચિન GIDCમાં 'વિઘ્નેશ્વર સિન્થેટીક્સ પ્રા.લિ.' નામે કાપડનું કારખાનું ચલાવતા જતીનભાઈ બાબુભાઈ શાહ (ઉં.વ. ૬૪)ના મોબાઈલ પર ગત ૨૦ મેના રોજ અજાણ્યા નંબર પરથી એક શંકાસ્પદ ZIP ફાઈલ આવી હતી. જેમાં ત્રણ દિવસમાં અકાઉન્ટ સ્ટેટમેન્ટ ચેક કરી લેવાનું લખ્યું હતું. આ ફાઈલ ફોનમાં ન ખુલતા જતીનભાઈએ પોતાના એકાઉન્ટન્ટ મનીષભાઈ પટેલને મોકલી હતી, પરંતુ કમ્પ્યુટરમાં એક્સટ્રેક્ટ કરવા છતાં પણ ફાઈલ ખુલી નહોતી. ત્યારબાદ ગત ૨૧ મેના રોજ એકાઉન્ટન્ટ મનીષભાઈના વોટ્સએપ પર એક અજાણ્યા નંબરથી મેસેજ આવ્યો હતો, જેના ડીપીમાં જતીનભાઈનો ફોટો રાખવામાં આવ્યો હતો. જેથી મનીષભાઈએ માલિક જતીનભાઈ સમજી કંપનીના બેંક એકાઉન્ટ બેલેન્સની વિગતો આપી દીધી હતી.

ઠગે પોતાને 'મીટિંગમાં વ્યસ્ત' ગણાવી ઈન્ડસઈન્ડ બેંકના એકાઉન્ટમાં તાત્કાલિક રૂ.૪૦ લાખ RTGS કરવા જણાવ્યું હતું. મનીષભાઈએ જતીનભાઈના પુત્ર સિદ્ધાર્થ પાસેથી OTP મેળવી કંપનીના ICICI બેંક એકાઉન્ટમાંથી રૂ.૪૦,૦૦,૦૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા. જે બાદ કંપનીના ગ્રુપમાં પેમેન્ટ સ્લિપ મુકાતાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસે સાયબર અપરાધીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભારે વરસાદને પગલે મિલકતને થયેલાં નુકસાની ક્લેઈમની ફરિયાદ ગ્રાહક કોર્ટે ફગાવી

વીમા કંપનીની નુકસાન સાયક્લોનિક અસરના કારણે થયું ન હોવાની દલીલ ગ્રાહ્ય રાખી

સુરતઃ વર્ષ ૨૦૨૦માં ભારે વરસાદને પગલે મિલકતને થયેલાં નુકસાનીનો ક્લેઈમ વીમા કંપનીએ નામંજૂર કરતાં થયેલી ફરિયાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને ફગાવી દીધી હતી.

મોટા વરાછાનાં વિપુલ મકાણીએ પોતાની રેસિડેન્ટ મિલકતનો વીમો લીધો હતો. તા. 14/6/2020ના રોજ ભારે વરસાદને કારણે મિલકતને ભારે નુકસાન થતાં ફરિયાદીએ વીમા કંપનીમાં રૂપિયા ૧૦,૩૯,૭૧૭નો ક્લેઈમ કર્યો હતો. જે વીમા કંપનીએ નકારતાં ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. આ ફરિયાદની સુનાવણીમાં વીમા કંપની તરફે એડવોકેટ દર્શન શાહે દલીલ કરી હતી કે વીમા કંપની દ્વારા મિલકતનો સરવે કરાવવામાં આવ્યો હતો. જે પોલિસીની શરતોમાં ઉલ્લેખિત 12 જોખમો (ફાયર, લાઈટનિંગ, સ્ટોર્મ, ફ્લડ વગેરે) પૈકી કોઈમાં આવરી લેવાયો નથી. આ નુકસાન સાયક્લોનિક અસરના કારણે થયું ન હોવાથી ક્લેઈમ નામંજૂર કરવામાં આવ્યો હતો. બંને પક્ષકારોની રજૂઆત બાદ ગ્રાહક સુરક્ષા કોર્ટે વીમા કંપનીની રજૂઆત અને દસ્તાવેજોના અધ્યન બાદ ફરિયાદીની ફરિયાદ રદ કરી હતી.

AC બંધની ફરિયાદ કરી તો ડ્રાઈવરે કહ્યું, 'નીચે ઊતરી જાવ'

મહિલાઓની આજીજીને પણ ગણકાર્યા વગર ડ્રાઇવરની જીભાજોડી

તંત્રએ ડ્રાઇવરને સસ્પેન્ડ કરી એજન્સી ઓલેક્ટ્રાને નોટિસ ફટકારી

સુરત : કામરેજથી પાલ તરફ જઈ રહેલી બીઆરટીએસની ઈલેક્ટ્રિક બસમાં AC બંધ થઈ જતાં મુસાફરો ગરમી અને ગૂંગળામણથી પરેશાન થયા હતા. AC ચાલુ કરવા વિનંતી કરતાં ડ્રાઇવરે ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો કે, 'ગરમી લાગતી હોય તો નીચે ઉતરી જાઓ.'

પેક બસમાં મહિલાઓ સહિતના મુસાફરો ગૂંગળામણથી પરેશાન હોવા છતાં ડ્રાઇવરે તેમની રજૂઆતને ગણકારવાને બદલે જીભાજોડી કરી હતી. જોકે, એક જાગૃત મહિલા મુસાફરે મોબાઈલમાં વીડિયો ઉતારવાનું શરૂ કરતાં ડ્રાઇવરને પોતાની હરકત કેમેરામાં કેદ થતી હોવાનો અહેસાસ થયો હતો. ત્યારબાદ તેણે AC ચાલુ કર્યું હતું. પરંતુ વાત અહીં અટકી નહોતી.

વિવાદ વધતાં ડ્રાઇવરે વરાછા મિની બજાર પાસે બસ રસ્તા પર જ અટકાવી દીધી અને મુસાફરોને અધવચ્ચે રઝળતા મૂકીને પોતે બસ છોડી ફરાર થઈ ગયો હતો. વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું.

મામલાની તપાસ બાદ ડ્રાઇવર નરેશ જામવતને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. બસનું સંચાલન કરતી ઈજારદાર ઓલેક્ટ્રા કંપનીને પણ કારણદર્શક નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. હવે શું થાય છે તે જોવું રહ્યું!